
ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગાંધીનગરના સોળ ટકા પરિવારો પાસે સંપત્તિમાં સાયકલ પણ નહીં !

## ગાંધીનગરના સાડા આઠ ટકા પરિવારો મોબાઈલ-ટીવી કે વાહન વાપરતા નથી

ગાંધીનગરની શહેરી અને ગ્રામીણ બન્નેના પરિવારો પૈકી ૧૬ ટકા પરિવારો એવા પણ છે કે જેમની પાસે રેડિયો, ટી.વી., કોમ્પ્યુટર-લેપટોપ, કાર-જીપ, સ્કૂટર-બાઈક-મોપેડ કે સાયકલ સુદ્ધા નથી. હા, આ માહિતી છે વસ્તી ગણતરી અહેવાલ ૨૦૧૧ના આંકડાઓમાં. વસ્તી ગણતરીના આંકડાઓ એમ કહે છે ઐસા ભી હે !




વસ્તી ગણતરી અહેવાલ સિરિઝ-૨૫ના ગુજરાત શ્રેણીના આંકડાઓ અનુસાર ગાંધીનગરમાં કુલ ૪૬૧૭૦ પરિવારો એવા છે જેમની પાસે રેડિયો-ટી.વી.થી લઈને સાયકલ સુધીની ભૌતિક સંપત્તિ જ નથી. જ્યારે ગ્રામીણ અને શહેરી વસ્તીના સંદર્ભમાં જોઈએ તો ગ્રામીણ ગાંધીનગરમાં આવા પરિવારોની સંખ્યા ૩૫૪૦૮ છે જ્યારે શહેરી ગાંધીનગરમાં ૧૦૭૬૨ છે. બન્નેની ટકાવારી અનુક્રમે ૨૨ ટકા અને ૮.૫૦ ટકા છે.

ગાંધીનગરના રેડિયો-ટી.વી.-મોબાઈલ કાર-સ્કૂટર, ફોન-મોબાઈલ-સાયકલની સંપત્તિ વગરના પરિવારો

| | | |
|---|---|---|
| ગ્રામીણ | ૩૫૪૦૮ | ૨૨ ટકા |
| શહેરી | ૧૦૭૬૨ | ૮.૫૦ ટકા |
| કુલ | ૪૬૧૭૦ | ૧૬ ટકા |

ગુજરાત શ્રૃંખલા-૨૫ના આધારે

ગાંધીનગરની શહેર વસ્તીની સરખામણીએ ગ્રામીણ વસ્તીનું પ્રમાણ આ પ્રકારની માહિતી-મનોરંજન સંપર્ક અને વાહનવ્યવહાર સવલતની વિવિધ સંપત્તિ ન હોય એવા પરિવાર વધુ છે. આપણે જ્યારે શહેર અને ગ્રામ્ય વિસ્તારની તુલના કરતા હોઈએ ત્યારે આવુ ચિત્ર સ્વાભાવિક છે. પરંતુ બીજી તરફ જ્યારે આપણે રેડિયો-ટી.વી., ફોન-મોબાઈલ, સ્કૂટર-બાઈક, ફોર વ્હિલર અને સાયકલ જેવી ચીજવસ્તુઓની પરિવારના ઉપભોગ અને જરૂરીયાતના સંદર્ભમાં વાત કરતા હોઈએ ત્યારે ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના આવા તફાવતો આશ્ચર્ય સર્જે છે કારણ કે જેમ રહેવા માટે ઘરની જરૂરીયાત હોય તો તેમાં પાકુ મકાન કે કાચુ ઝુંપડુ હોય મોટા આલિશાન બંગલાની સોસાયટી હોય કે ઝુંપડપટ્ટી હોય પણ રહેવાની વ્યવસ્થા હોય એમ જ્યારે ઘરની વાત આપણે સ્વીકારતા હોઈએ ત્યારે જમાનાને અનુરૂપ મોબાઈલ-સ્કૂટર, ટેલિવિઝન-રેડિયો-સાયકલ, ઈન્ટરનેટની જરૂરીયાત પણ આપણે સ્વીકારવી જોઈએ પરંતુ વસ્તી ગણતરીના આંકડા એમ દર્શાવે છે કે આ હવે રોજબરોજની આવી ભૌતિક સાધનો પણ ગાંધીનગરના અનેક પરિવારો પાસે નથી અને આ તમામ ભૌતિક સાધનો જ નથી !

કેમ નથી ? - આ પ્રશ્ન સામાજિક સંશોધનનો વિષય છે. ચકાસવો જોઈએ. આ પરિવારો વિશે એમ પણ કહી શકાય કે ગાંધીનગર શહેરના ૧૬ ટકા પરિવારો ટીવી મોબાઈલ-ઈન્ટરનેટ સ્કૂટર-કાર કે સાયકલ વાપરતાં જ નથી !

# આજે શહેરમાં શ્રીજીની સવારી

**દુંદાળા દેવના ભકિતરસમાં નગરજનો તરબોળ થશે : ગાંધીનગરમાં અલ્ટ્રા મોર્ડન ગણેશોત્સવ આજે સેકટરોમાં ભવ્ય શોભાયાત્રા : સેકટરોમાં સુંદરકાંડ, આનંદનો ગરબો, ગીત સંગીત, ડાયરો, રાસ ગરબા, જાદુનો શો, દેશ ભક્તિના ગીતો, વૈવિધ્યસભર નૃત્યો , હાસ્ય દરબાર સહીતના ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે : પુજા અર્ચના ઉપરાંત મોદક , આરતી સુશોભન સહીતની સ્પર્ધાઓનુ પણ આયોજન : વિવિધ ૬ સેકટરોમાં ગણેશોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી કરાશે : સેકટરોની સોસાયટીમાં પણ પારિવારિક માહોલમાં શ્રીજીની ભકિત માટે અનોખો ઉત્સાહ**

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં આજથી શ્રીજીની ભકિત અર્ચનામાં નગરજનો તરબોળ થશે. પવિત્ર શ્રાવણ મહીનામાં ભગવાન ભોળાનાથની ભકિત બાદ આજથી શહેરમાં દુંદાળા ગણેશજીની પુજા અર્ચના માટે ભાવિકો ઉત્સુક છે. બુધ્ધિના દેવ ગણેશજીની આરાધના માટે સેકટરોની સોસાયટીઓમાં પારિવારિક માહોલમાં ઉજવણી માટે ઠેર ઠેર આયોજન કરાયુ છે. સેકટરોમાં મોટાભાગે ઘરે ઘેર શ્રીજીની મુર્તિનુ પણ સ્થાપન કરીને ભાવિકો ધન્યતા અનુભવે છે. શહેરના વિવિધ ૬ સેકટરોમાં અલ્ટ્રામોર્ડન ગણેશોત્સવની ઉજવણી કરાશે. જેમાં દિવ્ય મુર્તિની ભવ્ય શોભાયાત્રા, શ્રીજીનુ સ્થાપન અને પુજા આરતી બાદ રાત્રિના સમયે વૈવિધ્યસભર કાર્યક્રમો પણ યોજાશે. ભક્તિની સાથે કલા અને સંસ્કૃતિનો અનોખો સમન્વય પણ જોવા મળશે.

ગાંધીનગરમાં અલ્ટ્રા મોર્ડન ગણેશોત્સવની ઉજવણીની તડામાર તૈયારીઓ કરવામાં આવી છે. શહેરના સેકટરોમાં દુંદાળા દેવ ..વિધ્નહર્તાના કૃપા આશિષ મેળવવા માટે ભાવિકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગણેશોત્સવમાં શ્રીજીની પુજા અર્ચના સાથે કલા અને સંસ્કૃતિનો પણ અનોખો સમન્વય જોવા મળે છે. પ્રતિવર્ષ ગણેશોત્સવની ઉજવણી વધુ શાનદાર રીતે કરવા ભાવિકો ઉત્સુક બને છે. આ વર્ષે પણ સેકટરોમાં ગણેશોત્સવની પારિવારિક માહોલમાં ઉજવણી કરાશે. ભગવાન ગણેશજી ભકતોના વિધ્નો અને દુખ દુર કરતા હોવાની પ્રબળ શ્રધ્ધા સાથે નગરજનો સતત દસ દિવસ સુધી શ્રીજીની ભકિત અર્ચનામાં તલ્લીન



બને છે.શહેરમાં ગણેશોત્સવની અલ્ટ્રા મોર્ડન ઉજવણી કરવા માટે વિવિધ સંસ્થાઓ અને સોસાયટીઓ સજ્જ છે. સે-૨૨ સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા સતત ૫૦ માં વર્ષે ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવશે. તા ૨ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ કલાકે સે-૧૯ સ્થિત મિનાક્ષી ૬૭ જીમખાના સામેના સમિતિના પ્રમુખ નિશિત વ્યાસના નિવાસ સ્થાને થી શ્રીજી મુર્તિની ભવ્ય શોભાયાત્રાના અંતે સે-૨૨ સ્થિત રંગમંચ ખાતે શ્રીજીની મુર્તિની પુજા અર્ચના કરવામાં આવશે. રોજ રાત્રિના ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે. આ દરમિયાન આરતી સુશોભન, ગીત સંગીત , ડાયરો તેમજ વૈવિધ્યસભર નૃત્યોનો કાર્યક્રમ પણ યોજવામાં આવશે. સે-૧૬ સ્થિત બ્રહ્મભવન ખાતે પણ ગણેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. સોમનાથ મહાદેવ મંદિર સમિતિ દ્વારા તા ૨ થી ૬ સપ્ટેમ્બર દરમિયાન સે-૧૬ રંગમંચ ખાતે યોજાનારા આ મહોત્સવ અંતર્ગત કમલેશભાઈ ઉપાધ્યાયના નિવાસ સ્થાન પ્લોટ નં-૬૧૮ : ૧ સે-૧૩ એ શ્રીજીની ભવ્ય શોભાયાત્રા નિકળશે. રાત્રિના ૮ કલાકે ગીત સંગીત તેમજ નૃત્યોનો કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત અશ્વિન જોષીનો માં બાપને ભુલશો નહીં કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત ડાયરાના કાર્યક્રમનુ પણ આયોજન કરાયુ છે. ગાંધીનગર બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલ તેમજ મહામંત્રી નરેશ દવેએ સમાજના સભ્યોને કાર્યક્રમનો લાભ લેવા પણ જણાંવ્યુ છે. સે-૩ ડી યુવક મંડળ દ્વારા પણ સેકટરના નવરાત્રિ ચોકમાં ગણેશ મહોત્સવની ભવ્ય ઉજવણી કરાશે. જે અન્વયે તા ૨ સપ્ટેમ્બરના રોજ સવારે ૭ : ૩૦ કલાકે રામેશ્વર મહાદેવ મંદિરેથી શ્રીજીની ભવ્ય શોભાયાત્રા નિકળશે. પ્રતિદિન સવારે અને સાંજે ૮ કલાકે શ્રીજીની ભવ્ય આરતી કરાશે. જયારે નવરાત્રિ ચોકમાં રાત્રિના ૮ કલાકે જાદુનો જલસો, સુંદરકાંડના પાઠ, હાસ્યવંતો ડાયરો, રાસ ગરબા લોક ડાયરો તેમજ ગરબાની રમઝટ સહીતના કાર્યક્રમો યોજાશે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં ૨૪X૭ પાણીનો પાયલોટ પ્રોજેક્ટ અમલી બનશે : વિજય રૂપાણી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરને ૨૪x૭ પેયજળનો પુરવઠો આપવા માટેના પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદગી કરવામાં આવી છે તેમ રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સચિવાલય ખાતે પત્રકાર પરિષદમાં જણાવ્યુ હતુ.

તેમણે કહ્યુ કે આ વર્ષે સાર્વત્રિક વરસાદ થયો છે અને પાણીની ઉપલબ્ધિ છે. તેમણે કહ્યુ કે આ માટે મીટર પ્રથા પણ લાગુ કરવામાં આવશે.

શહેરમાં અત્યારે સૌથી વધુ વેડફાટ પાણીનો થતો હોય છે તેવા પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે મીટરપ્રથા લાગુ થતાં જ તે અંગેનો ચાર્જ વસુલવામાં આવશે. તેમણે કહ્યુ હતુ કે અમુક જથ્થો જે માર્ગદર્શક નીતિ પ્રમાણે નિયત થયો હશે તે પ્રમાણે અપાશે અને પછી મીટર જે વપરાશ બતાવશે તે પ્રમાણે દર વસુલવામાં આવશે.



મુખ્યમંત્રી રૂપાણીએ સ્પષ્ટ કહ્યુ હતુ કે વીઆઈપી સેક્ટર કે વ્યક્તી નહિ મીટર પ્રથા સૌને લાગુ થશે. તેમણે એમ પણ દાખલો ટાંકીને કહ્યુ કે વીજળીની જરૂર ના હોય તો કેવી સ્વીચ બંધ કરી દઈએ છીએ. બસ પાણીની બાબતમાં પણ આવુ જ થશે.

મુખ્યમંત્રી રૂપાણીએ જણાવ્યુ હતુ કે પાણી જ વિકાસ માટે જરૂરી છે અને વિકાસ માટે કટિબદ્ધતા જરૂરી છે.

# કલેકટર-ડીડીઓની ૪થી સપ્ટેમ્બરના રોજ સંયુક્ત બેઠક

ગાંધીનગર, તા. ૧

રાજ્યના કલેક્ટર-ડીડીઓની સંયુક્ત બેઠક ૪થી સપ્ટેમ્બરના રોજ મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં મળશે.

અગાઉ આ બેઠક ગત સપ્તાહે મળવાની હતી પરંતુ તે રદ કરવામાં આવી હતી. ૪થીએ બપોરે ૩.૩૦ કલાકે નર્મદા હોલમાં આ સંયુક્ત બેઠક મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને મુખ્ય સચિવની ઉપસ્થિતિમાં મળશે.

ઘણા લાંબા સમય પછી આ સંયુક્ત બેઠક ગાંધીનગર ખાતે મળી રહી છે. આ બેઠકમાં સરકારની વિવિધ ફ્લેગશીપ યોજનાઓનું પ્રેઝન્ટેશન કરાશે એટલુ જ નહિ તે માટે હવે કેવી રીતે આગળ વધવુ તેના પર વિશેષ માર્ગદર્શન આપવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે કલેક્ટરોની બેઠકમાં શહેરી વિકાસના પ્રશ્નો, મહેસુલ વિભાગ સંલગ્ન બાબતો તેમજ સારા વરસાદ પછી પાણી પુરવઠા સંલગ્ન બાબતો અંગે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવશે.

આ જ બેઠકમાં ગ્રામસભા અભિયાનના પડતર પ્રશ્નો, રૂબેન પ્રોજેક્ટ તેમજ ૧૪મા નાણાંપંચ અંતર્ગત થયેલ વિકાસ કામોની સમીક્ષા સહિતના મુદ્દાઓ ઉપરાંત અન્ય કાર્યક્રમોની પણ સમીક્ષા કરવામાં આવનાર છે.

● અનુસંધાન પાન-૭ પર





લાલ દંડાવાળો સંઘ - ગુજરાત પદયાત્રા પરંપરામાં પ્રતિષ્ઠિત ગણાતો લાલ દંડાવાળો પદયાત્રા સંઘ રવિવારે ગાંધીનગરના પાદરેથી પસાર થયો હતો... અંબાજી માતાના મંદિરે સૌથી પહેલી ધજા જેમની ચડાવાય છે એ લાલ દંડાવાળો સંઘ ભાવભક્તિ પૂર્વક ૧૦૦ વર્ષથી નીકળે છે... ગાંધીનગરના પાદરે વાવોલના હરિનગર ખાતે તેમના વિસામાની વ્યવસ્થા કરાઈ હતી.... હરિનગરના સૂત્રધારો અને માઈભક્તો મોટી સંખ્યામાં સેવા વ્યવસ્થામાં જોડાયા હતા... હવેથી ગાંધીનગરના માર્ગો બોલ મારી અંબે, જય જય અંબેના જયઘોષથી ગાજતા થઈ જશે...

# જળસંચય અભિયાન થકી ભૂગર્ભ જળના સ્તરમાં સુધારો થયો : રૂપાણી

## જળસંચય અભિયાન જન આંદોલન બન્યુ : પ્રજાએ વહાવેલો પરસેવો હવે પારસમણિ બન્યો છે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧

ગુજરાતમાં જળસંચય અભિયાન માટે જનતાએ કરેલા પરિશ્રમથી વહાવેલો પરસેવો હવે આ વર્ષે થયેલા સાર્વત્રિક વરસાદથી તે પારસમણી બન્યો છે તેમ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે પત્રકાર પરિષદમાં કહ્યુ હતુ.

રાજયમાં જળસંચય અભિયાન, સુજલામ સુફલામ નેટવર્ક તેમજ સૌની યોજના થકી નર્મદાનું તેમજ વરસાદનું દરિયામાં વહી જતુ પાણી સંગ્રહ કરી એક વોટરગ્રીડનું જે સ્વપ્ન હતુ તે સાકાર થયુ છે.

મુખ્યમંત્રી રૂપાણીએ કહ્યુ હતુ કે ૧૨ હજારથી વધુ તળાવ અને ૬ હજાર ચેકડેમ સુજલામ સુફલામ થકી ભરી શકાયા છે. રાજયમાં જળસંચયમાં ૨૩ લાખ ઘનફૂટ ક્ષમતાનો વધારો થયો છે. વિકાસ માટે ગુજરાત પુનઃ ગ્રોથ એન્જીન બનશે. તેમણે કહ્યુ હતુ કે જળસંચય થકી ગુજરાતના ભૂગર્ભ જળસ્તરમાં ૫ થી ૭ ફૂટનો વધારો થયો છે.

રાજયના તમામ જિલ્લાઓમાં આ અભિયાન હેઠળ મુખ્યત્વે તળાવો ઉંડા કરવા, અનુશ્રવણ તળાવ, ચેકડેમ ડીસીલ્ટીંગ, જળાશય ડિસીલ્ટીંગ, ચેકડેમ રીપેરીંગ, નહેરોની તથા સ્ટ્રક્ચરની સાફસફાઈ, નહેરોની મરામત અને જાળવણી, નવા તળાવ, નવા ચેકડેમ, વનતળાવ, ખેતતલાવડી, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, નદી, વોંકળા, કાંસ તથા તળાવની સાફસફાઈ, માટીપાળા, ગેબીયન, કન્ટુરટ્રેન્ચ, ચેકવોલ, ફાર્મ બંડીંગ, નદીઓ પુનઃજીવિત કરવાની કામગીરી, પીવાના પાણીના સ્ત્રોતની આજુ બાજુની સફાઈ, ટાંકી/ સંપ/ ઈન્ટેક સ્ટ્રકચર તથા આસપાસની સાફસફાઇ, ઉં/જીં તથા આસપાસની સફાઈ, એચ.આર. ગેટ રીપેરીંગ, તળાવોના પાળા

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના જાણીતા તબીબ ડૉ. પ્રદિપ ભાવસારનુ અવસાન

## ૫૬ વર્ષની વયે દુખદ અવસાન : પરિવારજનો તેમજ તબીબી આલમમાં પણ ઘેરા શોકની લાગણી

ગાંધીનગર તા ૧

ગાંધીનગરના જાણીતા તબીબ ડો પ્રદિપ ભાવસારનુ આજે



ટુંકી માંદગીના અંતે દુખદ અવસાન થતા તબીબી આલમ સહીત સમગ્ર શહેરમાં શોકની લાગણી વ્યાપી હતી. પ્રદિપ ભાવસાર છેલ્લા કેટલાક સમયથી બિમાર હતા. ઈન્ડિયન મેડિકલ એસોસિએશન , ગાંધીનગર ડોકટર સેલના પ્રમુખ , સિવિલની રોગી કલ્યાણ સમિતિના સભ્ય તરીકે સેવા આપી ચુકેલા ડો પ્રદિપ ભાવસારે સાચા બોલા અને નિષ્ઠાવાન ગાયનેક ડોકટર તરીકે

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

# કીશોર કલાસીસ દ્વારા વિદ્યાર્થીઓ માટે મુવી-શોનું આયોજન

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં ધો -૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને શિક્ષણ આપતી સંસ્થા કિશોર કલાસીસ દ્વારા સંસ્થાના વિદ્યાર્થીઓ માટે આર વર્લ્ડ આઈ નોક્સ આજે સવારે ૧૦ :૨૦ કલાકે મિશન મંગલમ મુવીનો શો વિદ્યાર્થીઓ માટે આરક્ષિત કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને અનુલક્ષીને ખાસ આ ફિલ્મનો આખો શો કિશોર કલાસીસ દ્વારા બુક કરાવી દેવાયો છે. વર્ષ દરમિયાન અભ્યાસુ પ્રવૃતિની સાથે કિશોર કલાસીસના કિશોરસર દ્વારા વિદ્યાર્થીઓલક્ષી વિવિધ તાજગીસભર કાર્યક્રમોનુ પણ આયોજન કરવામાં આવે છે.

## જાહેર નિવિદા (બીજો પ્રયત્ન)

જે.એસ.એસ.કે. યોજના અંતર્ગત સગર્ભા સ્ત્રીઓની સોનોગ્રાફી કરવાની થતી હોઈ, રસ ધરાવતા પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. માન્ય સંસ્થાઓએ દિન-સાતમાં અત્રેની કચેરીએ બંધ કવરમાં ભાવપત્રક મોકલી આપવા.

**તાલુકા હેલ્થ ઓફિસર, પ્રાંતિજ**
તાલુકા હેલ્થ ઓફિસરની કચેરી, નેશનલ હાઈવે આઠ,
સામુહિક આરોગ્ય કેન્દ્ર કંપાઉન્ડ, પ્રાંતિજ
તાલુકો : પ્રાંતિજ, જિલ્લો : સાબરકાંઠા

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com